પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૧૩ | ૨૪ જાન્યુઆરી, ૨૦૧૯, ગુરૂવાર; પોષ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પ્રિયંકાનો રાજકીય પ્રવેશ સમીકરણો બદલશે

**લોકસભા ચૂંટણી પૂર્વે પ્રિયંકા ગાંધીને મહાસચિવ બનાવવા માટે નિર્ણય : રાહુલ ગાંધીએ માસ્ટરસ્ટ્રોક રમ્યો હોવાનો દાવો : ઉત્તરપ્રદેશમાં કોંગી અંતિમ શ્વાસ લઇ રહી છે ત્યારે જ પ્રિયંકા ગાંધી વાઢેરાને પૂર્વીય ઉત્તરપ્રદેશની જવાબદારી**



અમેઠી, તા. ૨૩

લોકસભાની ચૂંટણીની દ્રષ્ટિએ સૌથી મહત્વપૂર્ણ ગણાતા ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસ પાર્ટીએ પોતાની સ્થિતિને મજબૂત કરવા માટે આખરે પોતાનો માસ્ટરસ્ટ્રોક રમ્યો હતો. કોંગ્રેસ પાર્ટીએ ઉત્તરપ્રદેશમાં પોતાના બ્રહ્માસ્ત્રનો આખરે ઉપયોગ કરી લીધો છે. લાંબા સમયથી આને લઈને અટકળો ચાલી રહી હતી. આખરે આજે આની જાહેરાત કરવામાં આવી હતી. અટકળોનો અંત આવતા કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ પોતાની બહેન પ્રિયંકા ગાંધી વાઢેરાને મહાસચિવ બનાવવાની જાહેરાત કરી હતી. પ્રિયંકાની કોંગ્રેસ પાર્ટીમાં એન્ટ્રી એ વખતે થઈ રહી છે ત્યારે પાર્ટીના અસ્તિત્વ સામે સંકટ સર્જાયેલું છે. કોંગ્રેસ પાર્ટી હાલમાં અંતિમ શ્વાસ લઈ રહી છે. પ્રિયંકા ગાંધી વાઢેરા ઉત્તરપ્રદેશમાં પાર્ટીને મજબૂત કરી શકશે કે કેમ તે ખુબ મુશ્કેલ સવાલ છે. પૂર્વીય ઉત્તરપ્રદેશની જવાબદારી પ્રિયંકા ગાંધીને હાલમાં સોંપવામાં આવી છે જે ભાજપના ગઢ તરીકે છે. પૂર્વીય ઉત્તરપ્રદેશમાં પ્રિયંકા ગાંધીની સીધી ટક્કર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના ફાયરબ્રાન્ડ નેતા યોગી આદિત્યનાથ સામે થનાર છે. પૂર્વીય ઉત્તરપ્રદેશમાંથી વારાણસી સંસદીય ક્ષેત્રમાં વડાપ્રધાન મોદી સાંસદ તરીકે છે અને ગોરખપુરમાંથી મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પાંચ વખતના સાંસદ રહી ચુક્યા છે. હજુ સુધી પ્રિયંકા પડદા પાછળથી કોંગ્રેસ માટે રણનીતિ બનાવવાનું કામ કરી રહી હતી. ટિકિટ વહેંચણીમાં મહત્વની ભૂમિકા અદા કરતી હતી. ઉત્તરપ્રદેશમાં મહાગઠબંધનમાં જગ્યા ન મળતા અને કોંગ્રેસની સ્થિતિને ધ્યાનમાં લઈને રાહુલ ગાંધીએ આખરે લોકસભા ચૂંટણીમાં પ્રિયંકા ગાંધીને મેદાનમાં ઉતારવાનો નિર્ણય કર્યો છે. કોંગ્રેસના મહાસચિવ અશોક ગહેલોતે નિવેદન જારી કરીને કહ્યું છે કે, કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ પ્રિયંકા ગાંધીને પૂર્વીય ઉત્તરપ્રદેશ માટે મહાસચિવ બનાવ્યા છે. પ્રિયંકા ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં પોતાની જવાબદારી સંભાળી લેશે. કોંગ્રેસે પોતાના યુવા નેતા અને અન્ય લોકોને પણ જવાબદારી સોંપી છે.

● અનુસંધાન પાન-૭ પર

## જ્યોતિરાદિત્યને પશ્ચિમી યુપીની જવાબદારી સોંપાઈ



અમેઠી, તા. ૨૩

મધ્યપ્રદેશમાં મુખ્યમંત્રીની રેસમાંથી બહાર થઈ ચુકેલા જ્યોતિરાદિત્ય સિંધિયાને પશ્ચિમી ઉત્તરપ્રદેશની જવાબદારી સોંપવામાં આવી છે. જ્યોતિરાદિત્ય મધ્યપ્રદેશના ગુનામાંથી લોકસભા સાંસદ તરીકે છે અને શક્તિશાળી નેતા છે. મધ્યપ્રદેશના વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના શાનદાર દેખાવમાં તેમની ભૂમિકા મજબૂત રહી હતી. જ્યોતિરાદિત્ય પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસને જીવંતદાન આપવાનું કામ કરશે. ઈમરાન મસુદ ઉપરાંત કોંગ્રેસના કોઈ મોટા નેતા અહીં રહ્યા નથી. નગ્મા અને અઝહરુદ્દીન પણ પશ્ચિમી ઉત્તરપ્રદેશમાંથી ચૂંટણી લડવાને લઈને સસ્પેન્સની સ્થિતિ છે. પશ્ચિમી ઉત્તરપ્રદેશની કેટલીક સીટો બસપ અને આરએલડીના મજબૂત ગઠ તરીકે છે જેથી કોંગ્રેસને અહીંથી નવા ચહેરાની શોધ કરવી પડશે. આ બંને નેતાઓ ઉપરાંત કોંગ્રેસના વરિષ્ઠ કેસી વેણુગોપાલને પણ કોંગ્રેસ સંગઠનના પ્રભારી બનાવવામાં આવ્યા છે. કોંગ્રેસની જમીની સ્તર પર ખુબ નબળી સ્થિતિ રહેલી છે. આવી સ્થિતિમાં કોંગ્રેસ પાર્ટી માટે નવા સંગઠન ઉભા કરવાની બાબતની જવાબદારી વેણુગોપાલ અને તેમની ટીમને સોંપવામાં આવી છે.

# કેટલાક માટે પરિવાર પાર્ટી છે : મોદી

**પ્રિયંકાના મામલે પરોક્ષ રીતે ભાજપ કાર્યકરો સાથે વાતચીત દરમિયાન મોદીએ કોંગ્રેસ ઉપર પ્રહારો કર્યા**

નવી દિલ્હી, તા. ૨૩

પ્રિયંકા વાઢેરાને કોંગ્રેસના મહાસચિવ બનાવી દેવામાં આવ્યા બાદ વડાપ્રધાન મોદીએ તીવ્ર પ્રતિક્રિયા આપી છે. મોદીએ પ્રિયંકાના નામનો ઉલ્લેખ કર્યા વગર કહ્યું છે કે, કેટલાક લોકો માટે પરિવાર જ પાર્ટી છે. ભાજપના બુથ વર્કર્સની સાથે ચર્ચા દરમિયાન તેમણે આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે કેટલાક લોકો માટે પરિવાર જ પાર્ટી છે. અમારા માટે પાર્ટી પરિવાર છે. અમારો વિરોધ કોંગ્રેસની સંસ્કૃતિ સાથે છે. કોંગ્રેસ મુક્ત દેશનો અર્થ કોંગ્રેસ મુક્ત સંસ્કૃતિ સાથે છે. મહારાષ્ટ્રના બારામતી, ગઢચિરોલી, હિંગોલી, નાંદેડ, નંદુરબારના બુથ સ્તરના ભાજપ કાર્યકરો સાથે વાતચીત કરતા મોદીએ કહ્યું હતું કે, અન્યના મામલામાં પરિવાર પાર્ટી છે. આની બિલકુલ વિરુદ્ધ ભાજપમાં પાર્ટી પરિવાર છે. કોંગ્રેસ મહાસચિવ નિમાયેલા અને પાર્ટીના પૂર્વીય ઉત્તરપ્રદેશ મામલાના પ્રભારી પ્રિયંકા ગાંધીની નિમણૂંક કરવામાં આવ્યા બાદ આનો પરોક્ષરીતે મોદીએ ઉલ્લેખ કર્યો હતો. ભાજપમાં નિર્ણયો એવા આધાર

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### નકસલવાદીઓ પાસેથી દારૂગોળાનો જથ્થો જપ્ત

છત્તીસગઢના રાજનાંદગાંવ જિલ્લામાં સવારે પોલીસ અને નકસલવાદીઓ વચ્ચે ગોળીબારી થઈ હતી. ત્યારબાદ પોલીસે નકસલવાદીઓ પાસેથી મોટી માત્રામાં દારૂગોળો જપ્ત કર્યો હતો. જોકે નકસલવાદીઓ ભાગી છુટવામાં સફળ રહ્યા હતા.

### મહારાષ્ટ્રમાં આદિવાસીઓ અને વનકર્મીઓ વચ્ચે ટકરાવ

મહારાષ્ટ્રના મેલઘાટ ટાઈગર પ્રોજેક્ટ હેઠળ પુર્નવસન કાર્યક્રમ દરમ્યાન આદિવાસીઓ અને સુરક્ષા દળો વચ્ચે ટકરાવ થયો હતો. જેમાં ૪૦થી વધુ વનકર્મીઓ, અધિકારીઓ અને પોલીસ જવાનો ઘાયલ થયા છે.

### વેઈટલિફ્ટર સંજીતા ચાનુ પરનો પ્રતિબંધ હટાવાયો

કોમનવેલ્થ ગેમ્સમાં વેઈટ લિફટીંગમાં ભારતને સુવર્ણચંદ્રક અપાવનાર ભારતીય ખેલાડી સંજીતા ચાનુ પરનો પ્રતિબંધ હટાવી દીધો છે. આંતરરાષ્ટ્રીય વેઈટલીફટીંગ એસોસીએશને પ્રતિબાંધિત દવાઓના ઉપયોગ બદલ ચાનુ પર પ્રતિબંધ લગાવ્યો હતો.

### રામ મંદિરના નિર્માણમાં સરકારને રસ નથી : તોગડીયા

વીએચપીના પૂર્વ અધ્યક્ષ પ્રવિણ તોગડીયાએ એક મુલાકાતમાં જણાવ્યુ છે કે રામ મંદિર નિર્માણમાં મોદી, સરકાર કે આરએસએસને કોઈ રસ નથી. તેઓએ ૧૨૫ કરોડ ભારતીયોને અંધારામાં રાખ્યા છે.

### ફડણવીસ સરકારે બાલ ઠાકરેનાં સ્મારક માટે ૧૦૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા

ભાજપની આગેવાની વાળી મહારાષ્ટ્ર સરકારે શિવસેનનાં સ્થાપક સ્વર્ગસ્થ બાલ ઠાકરેનાં સ્મારક માટે ૧૦૦ કરોડ રૂપિયાનાં બજેટને મંગળવારે મંજૂરી આપી છે. લોકસભા ચૂંટણી નજીક હોવાને કારણે બન્ને દળોનાં સંબંધમાં સુધારો લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે.

# ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી યથાવત

**જનજીવન પર અસર : ટ્રેન અને વિમાની સેવાને પ્રતિકુળ અસર : ઉંચાણવાળા વિસ્તારોમાં હિમવર્ષાના લીધે તાપમાન ઘટ્યુ હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરમાં હિમવર્ષા યથાવત**

નવી દિલ્હી,તા. ૨૩



હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરના જુદા જુદા ભાગોમાં ભારે હિમવર્ષા આજે સતત ત્રીજા દિવસે જારી રહી છે. ભારે વરસાદ અને હિમવર્ષાના કારણે હાલત કફોડી બનેલી છે. તાપમાનમાં હજુ પણ સતત ઘટાડો થઈ રહ્યો છે. ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. બીજી બાજુ ઉત્તર ભારતના મોટા ભાગના રાજ્યોમાં વરસાદના કારણે જનજીવન પર માઠી અસર થઈ છે. મેદાની ભાગોમાં પણ પારો ખૂબ નીચે પહોંચી ગયો છે. ખરાબ હવામાનના લીધે શ્રીનગર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર અનેક ફલાઈટો રદ કરાઈ છે. કેટલીક ફલાઈટોમાં વિલંબ થયો છે. હિમાચલપ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં ફરી ભારે હિમવર્ષા થઈ છે. તમામ જગ્યાઓએ માઈનસમાં તાપમાન પહોંચી ગયું છે.મનાલીમાં વરસાદની સાથે સાથે હિમવર્ષા થઈ છે. ચારે બાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. મનાલીથી આગળ જતા રસ્તા ઉપર બરફની ચાદર છવાઈ ગઈ છે.

## લાલ કિલ્લામાં નેતાજી સુભાષ ચંદ્ર બોઝ મ્યુઝિયમનું પ્રધાનમંત્રીનાં હસ્તે ઉદ્‌ઘાટન

ન્યુ દિલ્હી,તા.૨૩

નેતાજી સુભાષ ચંદ્ર બોસની ૧૨૨મી જયંતીના અવસર પર બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજધાની દિલ્હીમાં લાલ કિલ્લા પર સુભાષ ચંદ્ર બોઝ મ્યુઝિયમનું ઉદ્ઘાટન કર્યું. આ મ્યુઝિયમમાં સુભાષ ચંદ્ર બોઝ અને આઝાદ હિન્દ ફૌજ સાથે જોડાયેલ વસ્તુઓને પ્રદર્શિત કરાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે સુભાષ ચંદ્ર બોઝના પ્રપૌત્ર ચંદ્ર બૌઝ પણ હાજર છે.

આ સિવાય વડાપ્રધાન યાદ-એ-જલિયાં મ્યુઝિયમ (જલિયાંવાલા બાગ અને પ્રથમ વિશ્વયુદ્ધ પર મ્યુઝિયમ) અને ૧૮૫૭ (પ્રથમ સ્વંત્રતા સંગ્રામ) પર મ્યુઝિયમ અને ભારતીય કલા પર દ્રશ્યકલા મ્યુઝિયમ પણ ગયા.

કહેવાય છે કે આ મ્યુઝિયમમાં નેતાજી દ્વારા ઉપયોગ કરાયેલ લાકડાની ખુરશી અને તલવાર સિવાય આઈએનએ સાથે સંબંધિત પદક, બેજ,



વર્દી, અને બીજી વસ્તુઓ સામેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# પ્રથમ વનડેમાં ન્યુઝીલેન્ડ સામે ભારતનો વિજય

**કુલદીપ યાદવ અને સામીની ઘાતક બોલિંગ રહી : ન્યુઝીલેન્ડના ૧૫૭ રનની સામે ભારતના બે વિકેટે ૧૫૬ રન : ભારતની વનડે શ્રેણીમાં ૧-૦ની મહત્વની લીડ થઇ**

નેપિયર,તા. ૨૩

નેપિયરના મેદાન ઉપર આજે રમાયેલી પાંચ વનડે મેચોની શ્રેણીની પ્રથમ મેચમાં ન્યુઝીલેન્ડ પર ભારતે ડકવર્થ લુઈસ પદ્ધતિના આધારે ૮૫ બોલ ફેંકવાના બાકી હતા ત્યારે આઠ વિકેટે જીત મેળવી હતી. પ્રથમ બેટિંગ કરતા ન્યુઝીલેન્ડની ટીમ ૧૫૭ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. જેના જવાબમાં ભારતીય ટીમ બે વિકેટે ૧૫૬ રન કરીને આ મેચ જીતી ગઈ હતી. ન્યુઝીલેન્ડ તરફથી આ મેચમાં કેપ્ટન વિલિયમસને ૬૪ રનની ઈનિંગ્સ રમી હતી. બાકીના ખેલાડીઓ ફલોપ રહ્યા હતા. શ્રીલંકા સામેની શ્રેણીમાં ધરખમ ફોર્મમાં રહેલા ટેલરે માત્ર ૨૪ રન કર્યા હતા. ભારત તરફથી કુલદીપ યાદવે ૩૯ રન આપીને ચાર વિકેટ અને મોહમ્મદ સામીએ ૧૯ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી. જીતવા માટેના ૧૫૬ રનના

● અનુસંધાન પાન-૭ પર







